# જામનગર મહાનગરપાલિકા - જામનગર
## મિલ્કત વેરા શાખા

**<u>જામનગર શહેર હદ વિસ્તારમાં હાઉસ ટેકસ મુજબનાં નીચે દર્શાવેલ મ્યુનિ. વોર્ડ માં સમાવિષ્ટ થતી તમામ મિલ્કતોનાં વેરા અંગે</u>**

## <u>જાહેર નોટીસ</u>

ધી ગુજરાત પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એકટ-૧૯૪૯નાં પરિશિષ્ટ-'એ'નાં પ્રકરણ-૮ (કરવેરા નિયમો)નાં નિયમ નં.૯ તથા ૧૩ થી ૧૬ મુજબ મ્યુનિસિપલ હદમાં આવેલ નીચે દર્શાવેલ વોર્ડની ઇમારતો અથવા જમીનોની ચતુર્વર્ષીય આકારણી વર્ષ ૨૦૧૮-૨૦૨૨ માટે કારપેટ એરીયાબેઇઝ પધ્ધતિ મુજબ વેરો આકારવા અંગે નિયત કરાયેલ પરિબળો દર્શાવતી આકારણીની ચોપડી (ઇ-ફોર્મમાં) હાઉસ ટેકસ મુજબનાં વોર્ડ નં.૧ થી ૪,૬ થી ૧૬, ૧૮ તથા ૧૯ ની તૈયાર કરવામાં આવેલ છે, જે જામનગર મહાનગરપાલિકાની વેબસાઇટ www.mcjamnagar.com પર તથા નીચે દર્શાવેલ સ્થળોએ પણ ઇ-ફોર્મમાં તા.૨૨/૦૨/૨૦૨૧ થી તા.૨૪/૦૩/૨૦૨૧ નાં દિવસો દરમ્યાન જોવા મળશે.

| ક્રમ | જોવાનું સ્થળ |
|---|---|
| ૧ | જામનગર મહાનગરપાલિકા, મિલ્કત વેરા (કારપેટ એરીયા) શાખા, ત્રીજો માળ, જયુબીલી ગાર્ડન, લાલ બંગલા સર્કલ, જામનગર. |
| ૨ | સરૂ સેકશન સીટી સીવીક સેન્ટર, જી.એમ.બી. ઓફિસ પાસે, સરૂ સેકશન રોડ, જામનગર. |
| ૩ | રણજીતનગર સીટી સીવીક સેન્ટર, નેવિલ પાર્ક સામે, શાક માર્કેટ, રણજીતનગર, જામનગર. |
| ૪ | ગુલાબનગર સીટી સીવીક સેન્ટર, રેલ્વે ઓવરબ્રીજ પાસે, ગુલાબનગર, જામનગર. |

સદર આકારણી ચોપડીમાં (ઇ-ફોર્મમાં) નોંધેલ ઇમારતો અથવા જમીનોના માલિકો, કબ્જેદારો અગર તેમનાં પ્રતિનિધિ અને વહીવટ કરનારાઓને આકારણીની ચોપડી (ઇ-ફોર્મ)નાં સદરહુ વિભાગો સદર કાયદામાં નિર્દિષ્ટ થયા મુજબની નોંધ સહિત કામકાજનાં દિવસોએ ઉપર જણાવેલ સરનામે **<u>સમય ૧૦.૩૦ થી ૧.૦૦ અને ૨.૦૦ થી ૫.૦૦ સુધી</u>** તથા જામનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની વેબસાઇટ www.mcjamnagar.com પર જોઇ શકાશે અને તેનો ઉતારો (પ્રિન્ટ-આઉટ) મેળવી શકાશે.

### <u>આકારણી ચોપડી (ઇ-ફોર્મ)ની નોંધો અંગે વાંધાઓ રજુ કરવા અંગેની સૂચના:</u>

ઉપર જણાવેલ તમામ વોર્ડની આકારણી ચોપડીનાં (ઇ-ફોર્મમાં) વિભાગોમાં દર્શાવેલ ઇમારતો અથવા જમીનોની નોંધો બાબત અગર વેરો આકારવા અંગે નિયત કરવામાં આવેલ પરિબળ અંગે તેમજ માહિતી બાબત વાંધો હોય તો વાંધા અરજીનાં નિયત ફોર્મમાં વાંધાના

કારણો પૂરેપુરા ટુંકમાં લખી 'મ્યુનિસિપલ કમિશનરશ્રી'ને ઉદેશીને જયાં આકારણીની ચોપડી (ઇ-ફોર્મમાં) રાખવામાં આવેલ છે તે સ્થળે લેખિત વાંધા અરજી કરવી અને તે આ નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી **તા.૨૪/૦૩/૨૦૨૧**નાં રોજ અથવા તે અગાઉ રૂબરૂ આપીને તેની પહોંચ લેવી. અરજદારની સગવડતા ખાતર યોગ્ય ન્યાય મળી રહે તે સારૂ **વાંધા અરજી કરવા અંગેનાં છાપેલા ફોર્મ રૂ.૧૦/- (રૂપિયા દશ પુરા)ની કિંમતે ઉપરોકત સ્થળોની ઓફિસ**માંથી આપવામાં આવશે, જે મેળવીને તેમાં વાંધાઅરજી કરવા વિનંતી છે.

**જેમના તરફથી ઉપરનાં પેરામાં જણાવ્યા મુજબની મુદતની અંદર વાંધાઅરજી કરવામાં નહિ આવે તો તેમની આકારણીની ચોપડીનાં (ઇ-ફોર્મમાં) વિભાગોમાં કરેલ નોંધ અંગે વાંધો નથી એમ ગણવામાં આવશે અને તે ઉપર લેવાના થતાં વેરા કાયદેસર રીતે આકારી વસુલ કરવાની કાયદેસર તજવીજ હાથ ધરવામાં આવશે.**

*નોંધ: ધી ગુજરાત પ્રોવિન્સિયલ મ્યુનિ. કોર્પોરેશન એકટ-૧૯૪૯નાં પરિશિષ્ટ-'એ'નાં પ્રકરણ-૮ (કરવેરા)નાં નિયમ-૧ મુજબ વેરો ભરનાર પ્રથમતઃ જવાબદાર વ્યકતીએ મિલ્કત બીજાના નામે તબદીલ કરેલ હોય કે તે વ્યકતી મૃત્યુ પામી હોય તેવા કિસ્સામાં તથા નિયમ-૫ મુજબ નવી ઇમારત વિગેરે બાંધવામાં આવે અથવા કોઇ ઇમારત ફરી બાંધવામાં આવે અથવા તેમાં વધારો કરવામાં આવે અથવા ખાલી હોય તે ઇમારતો ફરીથી ભોગવટો કરવામાં આવે અથવા ઇમારતનો ઉપયોગ બદલાય તેવા કિસ્સામાં જે મિલ્કતધારકો / વપરાશકર્તાઓની મિલ્કતનો સમાવેશ ઉપરોકત મ્યુનિ. વોર્ડમાં થતો હોય પરંતુ તેની નોંધણી ચતુર્વર્ષીય આકારણી વર્ષ ૨૦૧૮-૨૦૨૨ અંતર્ગત થયેલ રીસર્વે પરથી તૈયાર કરેલ આકારણી ચોપડીમાં થયેલ ન હોય તો વેરો ભરવાને પ્રથમતઃ જવાબદાર હોય તેવી વ્યકતીએ તે બાબતની લેખિતમાં નોટીસ મ્યુનિ. કમિશનરશ્રીને ઉદેશીને ઉકત સ્થળોએ આપવાની રહેશે.*

કમિશનર
જામનગર મહાનગરપાલિકા